PROVISIONAL ANSWER KEY
NAME OF THE POST :
1)Assistant Professor in Gujarati, Class-II (AYZ) Advt No. :69/2016-17
2)Assistant Professor in Hindi, Class-II (ADF) Advt No. :70/2016-17
3)Assistant Professor in Gujarati, Class-II (AHJ) Advt No. :75/2016-17
4)Assistant Professor in Gujarati, Class-II (AXY) Advt No. :99/2016-17
5)Assistant Professor in Gujarati, Class-II (AGI) Advt No. :73/2016-17
6)Assistant Professor in English, Class-II (AEG) Advt No. :71/2016-17
7)Assistant Professor in Urdu, Class-II (AFH) Advt No. :72/2016-17
Date of Preliminary Test : 5/2/2017
Subject : General Studies ( 001 to 100 )

001. નીચેનામાંથી કઈ નદી દ્વીપકલ્પીય નથી?

(A) ગોદાવરી
(B) કૃષ્ણા
(C) કોસી
(D) કાવેરી

002. બંને ગોળાર્ધમાં 30° અક્ષાંશની આસપાસ 8 થી 15 કિ.મી.ની ઊંચાઈના વાતાવરણમાં સર્પાકાર પટ્ટામાં અત્યંત વેગીલા પવનો વાતા જોવા મળે છે. આ પવનો ______ તરીકે ઓળખાય છે.

(A) નોર્વેસ્ટર
(B) જેટ સ્ટ્રીમ
(C) આઈ.ટી.સી. ઝોન
(D) ઉપર પૈકી એકપણ નહીં

003. ''હિમાદ્રી સ્ટેશન'' ક્યાં આવેલ છે?

(A) એન્ટાર્કટિકા
(B) સિયાચીન
(C) આર્કટિક પ્રદેશ
(D) સિમલા

004. ભારતમાં નીચે દર્શાવેલ નદીઓ પૈકી સૌથી લાંબી નદી કઈ છે?

(A) યમુના
(B) ગંગા
(C) ગોદાવરી
(D) નર્મદા

005. મહાસાગરની ક્ષારીયતાને નિયંત્રીત કરવા માટે નીચે દર્શાવેલ પરિબળો પૈકી ક્યું પરિબળ મહત્ત્વનું નથી?

(A) ઉષ્ણતામાન
(B) બાષ્પીભવન
(C) તાજા પાણીનો જથ્થો
(D) દરિયાઈ સપાટી પર વનસ્પતિનું આવરણ

006. ''બામ્બૂ ડ્રીપ ઈરીગેશન'' પદ્ધતિ ક્યા રાજ્યમાં અનુસરવામાં આવે છે?

(A) સિક્કિમ
(B) મેઘાલય
(C) હિમાચલ પ્રદેશ
(D) અરૂણાચલ પ્રદેશ

007. ગુરગાંવ (Gurgaon) ક્યાં આવેલું છે?

(A) દિલ્હી
(B) ન્યૂ દિલ્હી
(C) હરિયાણા
(D) પંજાબ

**008.** રૂરકેલા સ્ટીલ પ્લાન્ટ કઈ નદીના કાંઠે આવેલો છે?

(A) ભદ્રા
(B) બ્રાહ્મણી
(C) દામોદર
(D) ભીમા

**009.** પશ્ચિમઘાટના વર્ષાછાયામાં નીચે પૈકી ક્યો પ્રદેશ આવેલ છે?

(A) મહાબળેશ્વર
(B) બારામતી
(C) પંચગીની
(D) રત્નાગિરી

**010.** 2011 ની વસ્તીગણતરી અનુસાર ગુજરાતના સંબંધમાં ક્યુ વિધાન સાચું નથી?

(A) પ્રતિ કિ.મી. 308 વ્યક્તિઓની વસ્તી ગીચતા છે.
(B) સેક્સરેશિયો 915/1000 નો છે.
(C) તેની કુલ વસ્તી 60439692 છે.
(D) શહેરી વસ્તી 25745083 છે.

**011.** વસ્તીના અંગભૂત ઘટકના સંદર્ભમાં “Push and Pull” કોને સંબંધિત છે?

(A) વસ્તીવૃદ્ધિ
(B) વસ્તીનું વિતરણ
(C) વસ્તીની ગીચતા
(D) વસ્તીનું સ્થળાંતર

**012.** વર્ષ 2011ની વસ્તી ગણતરી અનુસાર નીચે દર્શાવેલ રાજ્યો પૈકી ક્યા રાજ્યમાં વસ્તીની ગીચતા (પ્રતિ કિ.મી.) સૌથી ઓછી છે?

(A) ઉત્તરપ્રદેશ
(B) બિહાર
(C) પશ્ચિમ બંગાળ
(D) કેરલ

**013.** સંગીતના વાજીંત્રોમાં તબલા અને સિતારની શોધ કરવાનું માન કોના ફાળે જાય છે?

(A) અમીર ખુસરો
(B) હમીદરાજા
(C) બહરોજ
(D) મુહમ્મદયંગી

**014.** નીચે દર્શાવેલ સાહિત્યકારો અને કૃતિની જોડીમાં કઈ જોડી સાચી નથી?

(A) ચંદ બરદાઈ - પૃથ્વીરાજ રાસો
(B) કવિ બદરૂદ્દીન - શાહનામા
(C) કૃષ્ણ-વૃષ્ટિ - નરસિંહ મહેતા
(D) ગોવિંદગમન - નરસિંહ મહેતા

015. રાગિણી ક્યા રાજ્યની લોકપ્રિય ગીત શૈલી છે?

(A) કાશ્મિર (B) કેરાલા

(C) હરિયાણા (D) મણિપુર

016. ભારતીય સંગીતના શૈક્ષણિક કાર્યક્રમો અને રાષ્ટ્રવાદી એજન્ડા વ્યાખ્યાયિત કરવા માટે વર્ષ 1916 માં પ્રથમ અખિલ ભારતીય સંગીત પરિષદ ક્યાં મળેલ હતી?

(A) અમદાવાદ (B) મુંબઈ

(C) વડોદરા (D) જુનાગઢ

017. કેરળથી આવીને ગુજરાતમાં જ સ્થિર થયેલા નૃત્યગુરુઓ - ભાસ્કર અને રાધા મેનન દ્વારા સ્થાપિત નૃત્યસંસ્થાનું નામ શું છે?

(A) મુદ્રા સ્કૂલ ઓફ ક્લાસિકલ ડાન્સિંગ

(B) નર્તન સ્કૂલ ઓફ ક્લાસિકલ ડાન્સિંગ

(C) સેન્ટર ફોર ઈન્ડિયન ક્લાસિકલ ડાન્સ

(D) 'કદમ્બ' - સ્કૂલ ઓફ ડાન્સિંગ

018. નીચેના પૈકી ક્યું વસ્ત્ર પુરુષો જ ધારણ કરે છે?

(A) જીમી (B) મોસલો

(C) મોસરિયું (D) ટંગલિળો

019. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ભરતનાટ્યમ વિભાગના અધ્યક્ષ રહીને આ નૃત્યશૈલીને ગુજરાતમાં વિકસાવવામાં કોણે પ્રદાન કરેલું છે?

(A) દર્શના ઝવેરી (B) અંજલિ મેઢ

(C) સ્મિતા શાસ્ત્રી (D) શ્વેતા શાહ

020. ગુજરાતી ફિલ્મોને કરમુક્તિ આપવાની યોજનાનો પ્રારંભ કઈ સાલમાં થયો?

(A) 1974 (B) 1970

(C) 1964 (D) 1956

021. મુસ્લિમોના પવિત્ર દિવસો અંગેના નીચેના વાક્યોમાંથી ક્યુ વાક્ય સાચું નથી?

(A) મહોરમ - ઈમામ હુસેનની શહાદત થઈ હતી તે મહિનો

(B) શબે મેરાજ - તે રાતે હજરત પયંગબર સાહેબ અલ્લાહ પાકની મુલાકાતે ગયેલા

(C) રમજાન ઈદ - તે દિવસે રોજા પૂરા થયા પછી હજરત ઈબ્રાહીમે પોતાના પુત્રની કુરબાની આપી હતી.

(D) ઈદ-એ-ગદીર - ને દિવસે હજરત પયંગબર સાહેબે હજરત અલીને પોતાના વારસ નીમ્યા હતા.

022. સોના કે રૂપાના તારનો ઉપયોગ જે વસ્ત્ર બનાવવામાં થતો હોય તેને ક્યા નામે ઓળખાય છે?

(A) તાસ્તા

(B) પુખ્યાગર

(C) રત્નકુંબલ

(D) લોબડી

023. ક્યા પ્રકારના ગીતોને "રાજિયા" કહેવામાં આવે છે?

(A) પ્રણય ગીતો

(B) વિનોદ ગીતો

(C) વિરહ ગીતો

(D) કલ્પાંત ગીતો

024. ગુજરાતના પુરાતત્વ વિશેનું પહેલું પુસ્તક Archeology of Gujarat ના લેખક કોણ છે?

(A) રમેશ જમીનદાર

(B) હરિભાઈ ગૌદાની

(C) હિરાનંદ શાસ્ત્રી

(D) હસમુખ સાંકળિયા

025. આજનું અમદાવાદ અગાઉ ક્યા રાજાએ સ્થાપેલ હોવાનું કહેવાય છે?

(A) ભીમદેવ પહેલો

(B) કર્ણદેવ

(C) જયસિંહ સિદ્ધરાજ

(D) ઉદયાદિત્ય

026. ગિરનારની તળેટીમાં આવેલ જુનાગઢ પર વિજય મેળવ્યા બાદ તેનું નવું નામ 'મુસ્તફાબાદ' ક્યા રાજવીએ આપ્યું હતું?

(A) બહાદુર શાહ

(B) મુઝફ્ફરશાહ બીજો

(C) મેહમૂદ બેગડો

(D) એહમદશાહ

**027.** ગુજરાતના સુલ્તાન બહાદુરશાહને મારી નાખવાનું કાવતરું કોણે કર્યુ હતું?

(A) પોર્ટુગીઝ (B) મોગલ

(C) આરબો (D) મરાઠા

**028.** ગુજરાતના ક્યા સુલતાનના આધ્યાત્મિક સલાહકાર તરીકે સરખેજના શેખ અહમદ ખટ્ટુ હતા?

(A) મહમદ બેગડા (B) બહાદુરશાહ

(C) અહમદશાહ પહેલો (D) અહમદશાહ ત્રીજો

**029.** 1857 ના વિપ્લવની સાથે જ ગુજરાતમાં અંગ્રેજો સામે મુખ્ય બળવો કોના દ્વારા કરવામાં આવેલ હતો?

(A) ઓખામંડળના વાઘેર

(B) પાલનપુર અને બાલાસિનોરના બાલીઓ

(C) માતરના ઠાકુર હરિસિંહ

(D) લુણાવાડાના રામક્રિપા

**030.** નીચેની કઈ બાબતને ધ્યાનમાં લેતા, રૂદ્રદામન પહેલાની ગણના પરોપકારી રાજવી તરીકે થતી હતી?

(A) ખાસ કરી, બળજબરી પૂર્વક મજૂરી કરાવીને કે ભેટોથી જબરજસ્તીથી નાણા મેળવવાને બદલે જનહિતના કાર્યો માટે પોતાના ભંડારમાંથી ખર્ચ કરતો હતો.

(B) જૈન અને બૌદ્ધ ધર્મને આશ્રય આપતો હતો.

(C) અહિંસાનું પાલન કરતો હતો.

(D) અનાથ લોકો માટે દવાખાના તથા આશ્રયસ્થાન બંધાવતો હતો.

**031.** 18મી સદીમાં ભાવનગર ઔદ્યોગિક અને વેપારની દષ્ટિએ એક મહત્વનું કેન્દ્ર ગણાતું હતું, તે માટે ક્યા અગત્યના પરિબળો હતા?

(A) ભાવનગર બંદરના વિકાસ માટે ગોહિલ શાસકોની પહેલવૃત્તિ

(B) કૃષિ-ઉત્પાદનમાં વધારો

(C) મરાઠાઓ સાથે ગોહિલ રાજવીઓની સંધિ

(D) પેશ્વાઓ સાથે ગોહિલ રાજવીઓની સંધિ

**032.** 19મી સદીના પ્રારંભમાં થયેલ વોલ્કર સંધિમાં એક અગત્યની આવશ્યક કલમ કઈ હતી?

(A) મૂળ રાજ્યોમાં ફરજિયાત શિક્ષણ

(B) હસ્તકલાની વસ્તુઓ પર નિકાસ કરવાનો પ્રતિબંધ

(C) કન્યાઓને દૂધપીતી કરવા પર પ્રતિબંધ

(D) મૌલિક (Radical) વર્તમાનપત્રો પર પ્રતિબંધ

**033.** વડોદરા રાજ્યમાં ઉદ્યોગોનો વિકાસ થવા માટે મુખ્ય પરિબળ ______ હતું

(A) બેન્ક ઓફ બરોડાની સ્થાપના

(B) વહીવટ પર રાજ્યનો અંકુશ

(C) યાંત્રિકીકરણ

(D) કાચી માલસામગ્રી સબસીડીના ધોરણે રાજ્ય તરફથી પૂરી પાડવી

**034.** ઈ.સ. 1902માં અમદાવાદ ખાતે મળેલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું 18મું અધિવેશન નોંધપાત્ર હતું કારણકે તેમાં સૌ પ્રથમ વખત બે ગુજરાતી મહિલાઓએ ભાગ લીધો હતો, તેઓ કોણ હતા?

(A) હરકોરબાઈ અને રાકમબાઈ

(B) વિદ્યાબેન નીલકંઠ અને શારદાબેન મહેતા

(C) જીવકોરબેન અને સુલોચનાબેન દેસાઈ

(D) કસ્તુરબા ગાંધી અને અનસુયાબેન સારાભાઈ

**035.** બૌદ્ધધર્મના નીચે દર્શાવેલ ક્યા ગ્રંથમાં ભિક્ષુકોએ પાળવાની આચારસંહિતાના નિયમોનું નિરૂપણ કરવામાં આવેલ છે?

(A) સુત્રપિટ્ટીકા

(B) અભિધમ્મ-પિટ્ટીકા

(C) વિનિય-પિટ્ટીકા

(D) જાતકકથા

**036.** ખિલજી સુલ્તાનના લશ્કરે ઈ.સ. 1297 માં ગુજરાત પર આક્રમણ કર્યુ ત્યારે અણહિલવાડનો શાસક કોણ હતો?

(A) ભોલા ભીમ

(B) કુમારપાળ

(C) કર્ણદિવ વાઘેલા

(D) લવણપ્રસાદ

037. ઉદારીકરણની પ્રક્રિયાની ભારતમાં કોણે શરૂઆત કરી હતી?

(A) યશવંત સિંહ
(B) મનમોહન સિંહ
(C) જશવંત સિંહ
(D) ઉપરના બધાજ

038. બીજી પંચવર્ષીય યોજનામાં કોને પ્રાધાન્ય આપવામાં આવેલ હતું?

(A) ઉપભોગતા વસ્તુઓ (Consumer Goods)
(B) ઉત્પાદક માલ (Capital Goods)
(C) મૂળભૂત વસ્તુઓ (Basic Goods)
(D) ઉપર (A) તથા (B) બંને

039. ભારત સરકારને કર દ્વારા ઉપલબ્ધ થતી કુલ આવકમાં નીચે પૈકી કોનો વધુ હિસ્સો છે?

(A) કસ્ટમ ડ્યુટીઝ
(B) એકસાઈઝ ડ્યુટીઝ
(C) ઈન્કમટેક્ષ
(D) વેલ્થટેક્ષ

040. Economics શબ્દ ક્યા ગ્રીક શબ્દ પરથી ઊતરી આવ્યો છે?

(A) Oikonomos
(B) Ecology
(C) Philco
(D) Nomos

041. ક્યો ખર્ચ માપવો મુશ્કેલ હોય છે?

(A) વાસ્તવિક ખર્ચ
(B) વૈકલ્પિક ખર્ચ
(C) અસ્થિર ખર્ચ
(D) ઉપર (A) તથા (B)

042. સ્થાનિક આયોજનની પાયાની વિભાવના નીચેના પૈકી કઈ ન હતી?

(A) ખાનગી ક્ષેત્રનો વિકાસ
(B) નીચલાથી વિકાસ
(C) અંદરથી વિકાસ
(D) ઉપર પૈકી એક પણ નહી

043. આયોજનના વિકેન્દ્રીકરણની શરૂઆત કરનાર નીચેના પૈકી ક્યુ રાજ્ય પ્રથમ હતું?

(A) રાજસ્થાન
(B) કેરાલા
(C) ગુજરાત
(D) પંજાબ

**044.** વસ્તીવધારાથી નીચેની બાબતો ઉદ્ભવે છે. આ બાબતો પૈકી કઈ બાબત આર્થિક વિકાસમાં ઉપયોગી નથી.

(A) શ્રમિકોમાં વધારો (B) ઉત્પાદનમાં વધારો

(C) મૂડી નિર્માણના દરમાં ઘટાડો (D) માંગમાં વધારો

**045.** રાજવિત્તીય અને ચૂકવણાની સમતુલાની કટોકટીના સંદર્ભમાં ભારત સરકારે ક્યા વર્ષમાં નવી આર્થિક નીતિની શરૂઆત કરી?

(A) 1969 (B) 1980

(C) 2001 (D) 1991

**046.** ખાનગીકરણના ફાયદાઓના સંદર્ભમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(i) ખાનગીકરણથી ઉત્પાદનમાં ખૂબ વધારો થાય છે.

(ii) ખાનગીકરણથી બજારના પરિબળોમાં મુક્ત રીતે આયોજન કરવાનું ઉત્તેજન મળે છે.

(iii) ગ્રાહકોની સ્વતંત્રતાને ખાનગીકરણથી પ્રોત્સાહન મળે છે.

(A) (i) (B) (i) અને (ii)

(C) (ii) અને (iii) (D) ઉપરના બધાજ

**047.** ગરીબી રેખા લોકોને કેટલા જુથમાં વહેંચે છે?

(A) ચાર (B) ત્રણ

(C) બે (D) ઉપર પૈકી એકપણ નહી

**048.** નીચે દર્શાવેલ રાજ્યો પૈકી સૌથી વધુ ગરીબીની ટકાવારી ક્યા રાજ્યની છે?

(A) કેરાલા (B) ગુજરાત

(C) ઝારખંડ (D) ઉત્તરપ્રદેશ

**049.** બંધારણમાં આપણા દેશનો ક્યા નામે સ્વીકાર થયેલ છે?

(A) ભારત (B) ઈન્ડિયા

(C) ઈન્ડિયા અને ભારત (D) ઈન્ડિયા એટલે કે ભારત

**050.** રાજ્ય, છથી ચૌદ વર્ષની વય સુધીના તમામ બાળકોને, મફત અને ફરજિયાત શિક્ષણ આપવા માટે રાજ્ય કાયદાથી નક્કી કરે તેવી જોગવાઈ કરશે તેવા બંધારણીય સુધારાથી તેનો મૂળભૂત હકમાં સમાવેશ કરેલ છે. આ બંધારણીય સુધારો કેટલામો હતો?

(A) 80 (B) 82

(C) 86 (D) 85

**051.** રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો હેઠળ "અનુચ્છેદ-43બ" વર્ષ 2011 માં ઉમેરવામાં આવેલ છે કે રાજ્યો પાસેથી એવી અપેક્ષા છે કે સહકારી સમિતિઓના સ્વૈચ્છિક ગઠન, સ્વાયત સંચાલન, લોકતાંત્રિક નિયંત્રણ તથા વ્યવસાયિક પ્રબંધનને ઉત્તેજન આપશે. આ બંધારણીય સુધારો કેટલામો છે?

(A) 90 (B) 97

(C) 96 (D) 95

**052.** ભારતના સંવિધાનમાં મૂળભૂત હકોની જોગવાઈઓ ક્યા ભાગમાં આપવામાં આવેલ છે?

(A) ભાગ-3 (B) ભાગ-4

(C) ભાગ-2 (D) ભાગ-4ક

**053.** મૂળભૂત હકોની બાબતમાં ક્યું વિધાન સાચું નથી?

(1) મૂળભૂત હકના ભંગ માટે અદાલતમાં દાદ માગી શકાય છે.

(2) મૂળભૂત હકો કાનૂની રૂપથી માન્ય છે.

(3) મૂળભૂત હકોને લાગુ પાડવા માટે અલગ કાયદાની જરૂર નથી.

(4) મૂળભૂત હકો વ્યક્તિગત કલ્યાણને પ્રોત્સાહન આપે છે. આથી આ જોગવાઈ વ્યક્તિગત ગણી શકાય.

(A) 1 અને 2 (B) 2, 3 અને 4

(C) 1, 2, 3 અને 4 (D) 1, 3, 4

**054.** રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ કે સંગઠનોને અટકાવવા કે પ્રતિબંધિત કરવાની સત્તા આપતો કોઈપણ કાયદો, તે અનુચ્છેદ 14, 19 અને 31 હેઠળના કોઈપણ મૂળભૂત અધિકારોથી વિસંગત છે એવા કારણસર વ્યર્થ થશે નહિ એવી જોગવાઈ સંવિધાનના ક્યા અનુચ્છેદમાં કરવામાં આવી છે.

(A) 31ક (B) 33

(C) 31ખ (D) 31ઘ

**055.** ભારતના સંવિધાનમાં મૂળભૂત ફરજોની જોગવાઈ અનુચ્છેદ-51-ક માં બંધારણીય સુધારાથી કરવામાં આવેલ છે. આ સુધારો ક્યો હતો?

(A) 41 મો
(B) 42 મો
(C) 43 મો
(D) 44 મો

**056.** સંસદમાં ક્યા પ્રકારનું વિધેયક રાષ્ટ્રપતિની અનુમતિ સિવાય રજૂ કરી શકાતું નથી?

(A) કૃષિ વિષયક
(B) નાણાં વિષયક
(C) સંરક્ષણ વિષયક
(D) શિક્ષણ વિષયક

**057.** સંસદના ગૃહોએ વિધેયક પસાર કર્યુ હોય અને તે રાષ્ટ્રપતિની અનુમતિ માટે રજૂ કરવામાં આવેલ હોય ત્યારે તે વિધેયક પુર્નવિચારણા માટે ગૃહને પરત મોકલી શકે છે તેવી જોગવાઈ સંવિધાનના ક્યા અનુચ્છેદમાં કરવામાં આવેલી છે?

(A) અનુચ્છેદ-75
(B) અનુચ્છેદ-85 અને 87
(C) અનુચ્છેદ-117
(D) અનુચ્છેદ-111

**058.** એટર્ની જનરલ -

(1) તેઓ સરકારના મુખ્ય કાયદા અધિકારી છે.
(2) તેઓને સંસદના બંને ગૃહોમાં બોલવાનો અને તેની કાર્યવાહીમાં ભાગ લેવાનો અધિકાર છે.
(3) તેઓને સંસદમાં મતાધિકારનો હક છે.
(4) તેઓ રાષ્ટ્રપતિની ખુશી દરમિયાન હોદ્દો ધરાવે છે.

(A) 3 સાચું છે.
(B) 1, 2, અને 3 સાચા છે
(C) 2 અને 3 સાચા છે.
(D) 1, 2, અને 4 સાચા છે.

**059.** સુપ્રિમ કોર્ટને કોઈપણ અરજીની ખાસ પરવાનગી (Special Leave to appeal) મંજૂર કરવાની જે હકૂમત છે તેના સંદર્ભમાં નીચે દર્શાવેલ વિધાનો પૈકી ક્યા વિધાનો સાચા છે?

(1) લશ્કરી અદાલતના હુકમ સામે આવી મંજૂરી આપી શકાય છે.
(2) આ સત્તા વિવેકાધીન છે.
(3) ચૂકાદાના કોઈપણ તબક્કે આવી મંજૂરી આપી શકાય છે.

(A) 2 અને 3
(B) 1 અને 3
(C) માત્ર 2
(D) 1, 2 અને 3

**060.** સંવિધાનના અનુચ્છેદ 341 માં જણાવ્યા પ્રમાણેની અનુસૂચિમાં સમાવિષ્ટ જ્ઞાતિને ................ તરીકે ઓળખવામાં આવે છે

(A) અનુસૂચિત જનજાતિઓ
(B) અનુસૂચિત જાતિઓ
(C) અન્ય પછાત વર્ગો
(D) ઉપર પૈકી એકપણ નહીં

**061.** 27 : 125 : : 64 : ?

(A) 517
(B) 162
(C) 216
(D) 273

**062.** 4 છોકરાઓની ઉંમરની સરેરાશ 48 વર્ષની છે અને તેઓના જન્મમાં 4-4 વર્ષનું અંતર છે, તો સૌથી નાના છોકરાની ઉંમર કેટલી હશે?

(A) 6 વર્ષ
(B) 8 વર્ષ
(C) 7 વર્ષ
(D) 9 વર્ષ

**063.** જો એન, એની બહેન છે અને એ ક્યુની પત્નિ છે. ક્યુ એ બીનો પુત્ર છે તો એ અને બી વચ્ચે શું સંબંધ થાય.

(A) પુત્રી
(B) પૂત્રવધૂ
(C) પત્નિ
(D) માતા

**064.** નીચેનામાં ખૂટતી સંખ્યા શોધો?

| | | |
|---|---|---|
| 17 | 13 | 19 |
| 12 | 11 | 16 |
| 25 | 4 | ? |

(A) 9
(B) 16
(C) 26
(D) 36

**065.** 30 વ્યક્તિઓ એક રૂમમાં છે, તે પૈકી 18 વ્યક્તિઓ શતરંજ રમે છે અને 19 વ્યક્તિઓ કેરમ રમે છે અને 10 વ્યક્તિઓ બંને રમત રમે છે. આથી શતરંજ કે કેરમ બે માંથી એકપણ રમત ન રમતા હોય તેવી વ્યક્તિઓ કેટલી?

(A) 2
(B) 7
(C) 5
(D) 3

**066.** ડાબી બાજુ આપેલ જોડના તર્કનો આધાર લઈ જમણી બાજુની જોડ પૂર્ણ કરો.

ROAD : URDG : : SWAN : ?

(A) VXDÊQ (B) VZDQ


(C) VZDP (D) UXDQ

**067.** $4500 \times ? = 3375$

(A) $^{2}\!/_{5}$ (B) $\frac{3}{4}$

(C) $^{1}\!/_{4}$ (D) $^{3}\!/_{5}$

**068.** નીચે આપેલ ચિત્રમાં (1) થી (4) કયુ ચિત્ર બાકી બધાથી અલગ પડે છે?



(1) (2) (3) (4)

(A) ઉપરોક્ત (1) પરનું ચિત્ર બાકી બધાથી અલગ છે

(B) ઉપરોક્ત (2) પરનું ચિત્ર બાકી બધાથી અલગ છે

(C) ઉપરોક્ત (3) પરનું ચિત્ર બાકી બધાથી અલગ છે

(D) ઉપરોક્ત (4) પરનું ચિત્ર બાકી બધાથી અલગ છે

**069.** $\frac{A}{4}, \frac{D}{9}, \frac{H}{15}, \frac{M}{22}, ?$

(A) $\frac{R}{30}$ (B) $\frac{S}{30}$

(C) $^{Q}\!/_{31}$ (D) $^{Q}\!/_{30}$

**070.** 39 વિદ્યાર્થીઓની સરેરાશ ઉંમર 15 વર્ષની છે. જો શિક્ષકની ઉંમર ઉમેરવામાં આવે તો સરેરાશ ઉંમરમાં 3 માસનો વધારો થાય છે. તો શિક્ષકની ઉંમર કેટલી હશે?

(A) 25 વર્ષ (B) 20 વર્ષ

(C) 30 વર્ષ (D) 35 વર્ષ

**071.** 1 ટકાના અડધાને દશાંશમાં કેવી રીતે લખાય?

(A) 0.05
(B) 0.005
(C) 0.02
(D) 0.2

**072.** એક વ્યક્તિ એક વસ્તુ રૂપિયા 27.50 પૈસામાં ખરીદે છે અને રૂ.28.50 પૈસામાં વેચી દે છે તો તેને કેટલા ટકા નફો થયો હશે?

(A) 6%
(B) 3%
(C) 4%
(D) 4.5%

**073.** EEPROM નું પુરૂં નામ શું છે?

(A) Electrically Erasable Programmable Read only Memory
(B) Easily Erasable Programmable Read only Memory
(C) Electronic Erasable Programmable Read only Memory
(D) None of the above

**074.** 'ઉન્નત ચૂલા અભિયાન' માટે કયું મંત્રાલય સંબંધિત છે?

(A) નવીન અને નવીનીકરણ ઉર્જા મંત્રાલય
(B) વિદ્યુત મંત્રાલય
(C) પર્યાવરણ, વન અને આબોહવાકીય ફેરફાર (Climate Change) મંત્રાલય
(D) ઉપર પૈકી એકપણ નહીં

**075.** ''વિદ્યુત પ્રવાહ'' એક મોબાઈલ એપ્લીકેશન છે. તેનો આરંભ નીચેના પૈકી કોણે કરેલ હતો?

(A) શ્રી નરેન્દ્ર મોદી
(B) શ્રી પિયુષ ગોયલ
(C) શ્રી રાજનાથ સિંહ
(D) શ્રી અમિત શાહ

**076.** ભારતમાં 'નેશનલ સાયબર સિક્યોરીટી' માટે કઈ નીતિ સંબંધિત છે?

(A) નેશનલ સાયબર સિક્યોરીટી પૉલિસી, 2013
(B) નેશનલ સાયબર સિક્યોરીટી પૉલિસી, 2014
(C) નેશનલ સાયબર સિક્યોરીટી પૉલિસી, 2015
(D) નેશનલ સાયબર સિક્યોરીટી પૉલિસી, 2016

077. ભારતમાં સાયબર સિક્યોરીટી માટે નીચે દર્શાવેલ ક્યા કાયદાઓ અથવા આદેશ સંબંધિત છે?

(A) આઈટી એક્ટ, 2000

(B) આઈટી (અમેન્ડમેન્ટ) 2008

(C) શ્રેયા સિંગલ વિરુદ્ધ યુનિયન ઑફ ઈન્ડિયા એન્ડ અધર્સમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા આપવામાં આવેલ તા. 24-3-2015 નો ચુકાદો

(D) ઉપરના બધાજ

078. Marshmallow એ ક્યા કોડનું નામ છે?

(A) લિનક્સ વર્ઝન

(B) એન્ડ્રોઈડ વર્ઝન

(C) સફારી

(D) વિન્ડોજ-10

079. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા તા 25-3-2015 ના રોજ "PRAGATI PLATFORM" નામે એક પ્રોગ્રામનો શુભારંભ કરેલ છે. આ પ્લેટફોર્મ નીચે પૈકી કઈ અદ્યતન ટેક્નોલોજીનું જોડાણ કરે છે?

(A) જીઓસ્પેશલ ટેક્નોલોજી (Geo-Spatial Technology)

(B) વિડિયો કોન્ફરન્સીંગ

(C) ડિઝીટલ ડેટા મેનેજમેન્ટ

(D) ઉપરના બધાજ

080. નીચે દર્શાવેલ કઈ કંપનીએ તાજેતરમાં "Yahoo" ને ખરીદેલ છે?

(A) માઈક્રોસોફ્ટ (Microsoft)

(B) એઓએલ (AOL)

(C) વેરીઝોન (Verizon)

(D) પીક્ઝાર (PIXAR)

081. પોખરણ-1 નો કોડ શું હતો?

(A) બ્લેક બોમ્બ

(B) ડિસ્ટ્રક્શન

(C) બ્લુ આઈઝ

(D) સ્માઈલીંગ બુદ્ધા

082. GIS નું આખું નામ શું છે?

(A) Ganga Information Systems

(B) Geographic Information Systems

(C) General Integrated Systems

(D) Geographically Integrated Systems

**083.** નાગરિકોની ફરિયાદોનો અસરકારક અને ઝડપી નિકાલ લાવવા માટે ગુજરાત સરકારે નીચે દર્શાવેલ પૈકી કયો ઈ-ગવર્નન્સ પ્રોગ્રામ શરૂ કરેલ છે?

(A) સ્વાગત (B) ઈ-ધારા

(C) વિશ્વગ્રામ (D) જીસવાન

**084.** બી-ગ્રુપનું લોહી ધરાવતી વ્યક્તિને એ, બી, એબી, અને ઓ ગ્રુપના લોહીમાંથી કયું લોહી આપી શકાય છે?

(A) ગ્રુપ-એ (B) ગ્રુપ-બી

(C) ગ્રુપ-બી અને ઓ (D) ગ્રુપ બી, એબી અને ઓ

**085.** વર્ષ 2016 માં નીચે દર્શાવેલ રાજ્યો પૈકી કયા રાજ્યમાં મુખ્યમંત્રી તરીકે પ્રથમ મહિલા ઉમેદવાર તરીકેના શપથ લીધા હતા?

(A) ગુજરાત (B) પશ્ચિમ બંગાલ

(C) તામિલનાડુ (D) જમ્મુ-કાશ્મીર

**086.** વર્ષ 2016 માં દાદા સાહેબ ફાળકે એવોર્ડ માટે કોની પસંદગી થયેલ છે?

(A) હેમા માલિની (B) મનોજકુમાર

(C) અક્ષયકુમાર (D) શાહરૂખખાન

**087.** જુન-2016 માં ઈસરોએ એકજ PSLV ફ્લાઈટમાં કેટલા ઉપગ્રહો ભ્રમણકક્ષામાં મૂક્યા?

(A) 12 (B) 16

(C) 15 (D) 20

**088.** ‘‘સ્વચ્છ સ્વચ્છ સર્વત્ર’’ પ્રોગ્રામ ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલ છે?

(A) પેયજલ અને સ્વચ્છતા મંત્રાલય

(B) આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય

(C) પેયજલ અને સ્વચ્છતા મંત્રાલય તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય

(D) ઉપર પૈકી એકપણ નહીં

089. પાકિસ્તાનના પ્રખ્યાત પરોપકારી (Philanthropist) વ્યક્તિ, કે જેઓ "પાકિસ્તાનના મધર ટેરેસા" તરીકે ઓળખાતા હતા, તેનું જુલાઈ-2016 માં અવસાન થયેલ છે, તેઓ નીચેના પૈકી કોણ હતા?

(A) અબ્દુલ સતાર
(B) અબ્દુલ સતાર એધી
(C) મદ અબ્દુલ સતાર
(D) ઉપર પૈકી એકપણ નહીં

090. મિ. બિલ ઈંગ્લીશની કયા દેશના વડાપ્રધાન તરીકે વરણી થયેલ છે?

(A) ન્યૂઝીલેન્ડ
(B) હોલેન્ડ
(C) સ્વીડન
(D) ડેન્માર્ક

091. ચાશ્મા-3 (Chasma-III) એ કયા દેશનો આણ્વિક પ્લાન્ટ છે?

(A) ચીન
(B) જાપાન
(C) દ. કોરિયા
(D) પાકિસ્તાન

092. ભારત સરકાર દ્વારા પ્રાયોજિત નેશનલ મેન્યુફેકચરીંગ કોમ્પીટીટીવનેસ પ્રોગ્રામ કોને સંબંધિત છે?

(A) લઘુ ઉદ્યોગો
(B) મોટા ઉદ્યોગો
(C) લઘુ, નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો
(D) મધ્યમ કક્ષાના ઉદ્યોગો

093. વર્ષ 2016 માટે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સીબિલીટી શ્રેણીમાં પ્રતિષ્ઠિત ગોલ્ડન પીકોક એવોર્ડ નીચેનામાંથી કોને મળેલ છે?

(A) ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કોર્પોરેશન
(B) ગુજરાત મેરી ટાઈમ બોર્ડ
(C) ગુજરાત સ્ટેટ નર્મદા વૅલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમીકલ્સ લિમિટેડ
(D) ગુજરાત ખાણ અને ખનીજ વિકાસ નિગમ

094. પાકિસ્તાનની સાથે સિંધુ જળ સંધિની બાબતના બધાજ પાસાઓની વિચારણા કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ડિસેમ્બર 2016 માં એક સમિતિનું ગઠન કરવામાં આવેલ છે. આ સમિતિના અધ્યક્ષ તરીકે કોણ છે?

(A) શ્રી એસ. જયશંકર
(B) શ્રી નૃપેન્દ્ર મિશ્રા
(C) શ્રી અજીત ડોભાલ
(D) શ્રી હસમુખ અઢિયા

**095.** વર્ષ 2016 માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ સમારોહમાં નીચે પૈકી કયા ખેલાડીને સર ગારફિલ્ડ સોબર્સ ટ્રોફી આપવામાં આવેલ છે?

(A) પાર્થિવ પટેલ
(B) રવિચન્દ્રન અશ્વિન
(C) મહેન્દ્રસિંહ ધોની
(D) મનીન્દર સિંગ

**096.** ચીને ડિસેમ્બર, 2016 માં કયો ઉપગ્રહ છોડેલ છે?

(A) ફેંગચુન-2
(B) ફેંગચુન-4
(C) ફેંગચુન-5
(D) ફેંગચુન-3

**097.** નીતિ આયોગ દ્વારા નવેમ્બર, 2016 માં ડિઝીટલ અર્થવ્યવસ્થાના હેતુથી એક સમિતિની રચના કરેલ છે. તેના અધ્યક્ષ તરીકે કોની નિયુક્તી થયેલ છે?

(A) શ્રી એન. ચંદ્રાબાબુ નાયડૂ
(B) શ્રી નવીન પટનાયક
(C) શ્રી શિવરાજસિંહ ચૌહાણ
(D) શ્રી પવનકુમાર ચામલિંગ

**098.** સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રદૂષણ વધવાના કારણોસર કયા શહેરમાં ફટાકડા વેચાણ પર પ્રતિબંધ લગાડેલ છે?

(A) મુંબઈ
(B) કલકત્તા
(C) દિલ્હી-એનસીઆર
(D) બેંગ્લોર

**099.** ભારત અને બીજા કયા દેશ વચ્ચે દ્વિપક્ષીય સમુદ્રયુદ્ધના અભ્યાસ માટે 'કોંકણ-16' શરૂ કરવામાં આવ્યું?

(A) અમેરિકા
(B) શ્રીલંકા
(C) બ્રિટન
(D) રશિયા

**100.** 12 ડિસેમ્બર, 2016 ના રોજ ઉત્તર તામિલનાડુ અને દક્ષિણ આંધ્રપ્રદેશના કિનારા પર આવીને મદ્રાસમાં ખૂબ જ નુકસાન કરનાર ચક્રવાતી તૂફાનનું નામ શું હતું?

(A) નાડા
(B) વરદા
(C) રીટા
(D) ઉપર પૈકી એકપણ નહી.